નાણા વિભાગના તા. ૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨ /ઝ.૧થી ફીક્સ પગારમાં કરેલ પગાર વધારો રાજ્યની જીલ્લા શિક્ષણ સમિતિ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકના ફીક્સ પગારના વિદ્યાસહાયકોને લાગુ પાડવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૨૦૧૭/સીંગલફાઇલ-૫/ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખ ૦૯/૦૮/૨૦૧૭

વંચાણે લીધા-

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૧૧/૦૬/૧૯૯૮નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૦૯૬/૩૦૫૦/૧૦૨૭(૯૮)/ક

(૨) નાણા વિભાગનો તારીખ ૧૬/૦૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃ Khrch/2002/57/Z1

(૩) નાણા વિભાગનો તારીખ ૨૦/૧૦/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧

(૪) નાણા વિભાગનો તારીખ ૨૦/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧

(૫) નાણા વિભાગનો તારીખ ૧૮/૦૧/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧

(૬) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની સીંગલ ફાઇલ ક્રમાંકઃ પ્રાશિનિ/નીતિ/સીંગલફાઇલ/૨૦૧૭/ક/૫ ઉપરની તારીખ ૨૭/૦૨/૨૦૧૭ની દરખાસ્ત

આમુખઃ

રાજ્યની જીલ્લા શિક્ષણ સમિતિ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા માટે વિદ્યા સહાયકની યોજના વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧) ઉપરના આ વિભાગના તારીખ ૧૧/૦૬/૧૯૯૮ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૦૯૬/૩૦૫૦/૧૦૨૭ ૯૮/કથી અમલમાં મુકવામાં આવી હતી જે મુજબ રૂ. ૨૫૦૦/-ના ઉચ્ચક માનદવેતનથી વિદ્યાસહાયકોને નિમણૂંક આપવામાં આવી હતી.

૨. રાજ્ય સરકારની કરકસરની નીતિના ભાગરૂપે રાજ્ય સરકારની કચેરીઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાં ૫(પાંચ) વર્ષ માટે ફીક્સ પગારથી સીધી ભરતીની નિમણૂંકો કરવાની નીતિ વંચાણે લીધેલ ક્રમાંકઃ(૨) ઉપરના નાણા વિભાગના તારીખ ૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ Khrch/2002/57/Z1થી અમલમાં મુકેલ છે અને પ્રતિ માસ ફીક્સ પગારની રકમ નક્કી કરવામાં આવેલ છે. ત્યાર બાદ, વંચાણે લીધેલ ક્રમાંકઃ(૩) અને (૪) ઉપરના નાણાં વિભાગના ઠરાવોથી પ્રતિ માસ ફીક્સ પગારની રકમમાં વધારો કરવામાં આવેલ છે.

૩. નાણાં વિભાગની ઉપર્યુક્ત ફીક્સ પગારની નીતિ બાદ વખતોવખત થયેલ પગાર વધારાનો લાભ રાજ્યની જીલ્લા શિક્ષણ સમિતિ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓના વિદ્યા સહાયકોને આપવામાં આવેલ છે.

૪. નાણા વિભાગના તારીખ ૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧થી ફીક્સ પગારના દરમાં કરવામાં આવેલ વધારો આ વિભાગ હેઠળની જીલ્લા શિક્ષણ સમિતિ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓના વિદ્યા સહાયકોને આપવા માટેની મંજુરી મેળવવા વંચાણે લીધેલ ક્રમાંકઃ (૬) ઉપરની નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની સીંગલ ફાઇલ ક્રમાંકઃ પ્રાશિનિ/નીતિ/સીંગલફાઇલ/૨૦૧૭/૬/૫ ઉપર તારીખ ૨૭/૦૨/૨૦૧૭ની નોંધથી આ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઠરાવઃ

૧. રાજ્ય સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે, નાણાં વિભાગના તારીખ ૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧થી ફીક્સ પગારના દરમાં કરવામાં આવેલ વધારા મુજબ હાલના રૂ. ૧૦,૦૦૦/-માં વધારો કરીને રૂ. ૧૯,૯૫૦/-નો વધારો [રૂ. ૭૮૦૦+૨૨૦૦=૧૦૦૦૦+૧૫૦૦=૧૧,૫૦૦ના સ્થાને સુધાર્યા મુજબનો ફીક્સ પગાર રૂ. ૧૯,૯૫૦] આ વિભાગ હેઠળની જીલ્લા શિક્ષણ સમિતિ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓના વિદ્યા સહાયકોને લાગુ પાડવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. આ ઠરાવનો અમલ તારીખ ૦૧/૦૨/૨૦૧૭થી કરવાનો રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકવાળી ફાઇલ ઉપર સરકારશ્રીની તારીખ ૨૭/૦૭/૨૦૧૭ની મળેલ મંજુરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ. ટી. મંડોરા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

ક્રમાંકઃ પ્રાશિનિ/નીતિ/૨૦૧૭/૬/૧૧૩૪-૧૧૮૫
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૦૯/૮/૨૦૧૭

૨/- નકલ રવાના જાણ તથા શિ.વિ.ના ઉકત ઠરાવ અન્વયે જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(ડૉ. એમ. આઇ. જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, તમામ.